ગાંધીનગર શહેરમાં રખડતી ગાયો આશીર્વાદ આપતી હશે, જેમણે સર્કલોનાં નિર્માણ કર્યા છે. કેમ કે શહેરમાં તો ઠેર ઠેર ગંદકી જ આરોગવી પડે છે, પણ સર્કલો લીલાછમ્મ છે. જ્યાંથી ઘાસચારો તો મળી શકે છે...!

# આજે દિપાવલી પર્વ ઉલ્લાસભેર ઉજવાશે

## દિપાવલીની પૂર્વ સંધ્યાએ બજારોમાં ભારે ભીડ : પૂજાની સામગ્રીથી લઈને ખાણી-પીણીની ચીજવસ્તુઓનું વેચાણ ખુબ થયું : મોડીરાત સુધી બજારોમાં ભારે ભીડ રહી

ગાંધીનગર, તા. ૨

વર્ષના સૌથી મોટા તહેવાર દિપાવલીની ઉજવણી માટે સૌ કોઈ થનગની રહ્યા છે. છેલ્લી ઘડીની ખરીદી માટે ઘરાકી નીકળતા બજારો ભીડથી ઉભરાયા હતા.

દિપાવલીની પૂર્વ સંધ્યાએ બજારોમાં જાણે માનવ મહેરામણ ઉમટી પડ્યો હોય તેવા દૃશ્યો સર્જાયા હતા.

સુખ, સમૃદ્ધિ અને ઉલ્લાસના પર્વ દિપાવલીની ઉજવણી માટે સૌ કોઈ થનગની રહ્યા છે. મંદી અને મોંઘવારીની મારની વચ્ચે શરૂઆતમાં બજારોમાં નિરાશાનું વાતાવરણ હતુ. ઘરાકી પણ ખુબ ઓછી હતી. જો કે છેલ્લા બે-ત્રણ દિવસથી ઘરાકીમાં ધીમી ગતિએ વધારો થતાં વેપારીઆલમમાં ખુશીનો માહોલ છે. દિવાળીની પૂર્વ સંધ્યાએ તો બજારોમાં પગ પણ ન મુકી શકાય તેવી ભારે ભીડ જોવા મળી રહી છે. બજારોની બહાર વાહનોની લાંબી લાંબી કતાર જોવા મળી રહી છે.

પરચુરણ ચીજવસ્તુઓ વેચતા નાના વેપારીઓથી લઈને મોટા મોટા શો રૂમ્સમાં ખુબ ભીડ ઉમટી પડી હતી. કોડીયા, મીણબત્તી, દીવડાઓ, ઘર સજાવટની નાની મોટી ચીજવસ્તુઓ, રંગોળીના રંગો વેચતા નાના ફેરીયાઓએ પણ દિવાળીની પૂર્વ સંધ્યાએ સારો એવો ધંધો કર્યો હતો.

છેક છેલ્લા દિવસ સુધી નિરસ રહેલા ફટાકડા બજારમાં એકાએક જ જાણે તેજી આવી ગઈ હતી. મોડી રાત સુધી ફટાકડા બજાર ચાલુ રહ્યું હતું. પૂજાપાની સામગ્રી, ફૂલોની માળા અને રંગોની ખરીદી માટે પડાપડી થતી જોવા મળી હતી. છેલ્લી ઘડીની ખરીદી નીકળતા વેપારીઓ પણ ખુશખુશાલ થઈ ગયા હતા.

### દિપાવલી-અન્નકુટ દર્શન

શ્રીજીની ગોવર્ધનનાથજીની હવેલી, વલ્લભધામ ગાંધીનગર સેક્ટર-૨૧ ખાતે દિપાવલી અને અન્નકુટના દર્શનનો ટાઈમ નિચે મુજબ છે. તો વૈષ્ણવોએ લાભ લેવા વિનંતી છે.

તા. ૩-૧૧-૨૦૧૩ - રવિવાર
મંગળા - સવારે ૭.૩૦ થી ૮.૦૦
શૃંગાર - સવારે ૯.૩૦ થી ૧૦.૦૦
રાજભોગ - સવારે ૧૧.૦૦ થી ૧૧.૩૦
ઉત્થાપન - બપોરે ૪.૦૦ થી ૪.૦૫
સંધ્યાઆરતી - ૪.૩૦ થી ૫.૦૦
શયન આરતી - ૬.૦૦ થી ૬.૩૦
શયનમાં હાટડી, કાન જગાઈના દર્શન થશે.
તા. ૪-૧૧-૨૦૧૩ - સોમવાર
બેસતુ વર્ષ... અન્નકુટ
મંગળા - સવારે ૬.૦૦ થી ૬.૩૦
ગોવર્ધન પૂંજા - ૯.૩૦ કલાકે સવારે
અન્નકુટ - ૧૨.૦૦ થી ૧.૦૦
શૃંગાર-રાજભોગ, ઉત્થાપન, સંધ્યા આરતી ભીતરમાં

# દિવાળીમાં પાણીની પોકાર ડામવા શહેરમાં સપ્લાય વધારી દેવાયો

## સેક્ટરોમાં હાલ પાણીની કોઈ સમસ્યા નથી : તંત્ર

ગાંધીનગર, તા. ૨

દિવાળીના તહેવાર દરમિયાન સેક્ટરોમાં પાણીની પોકાર ન ઉદ્ભવે તે માટે તંત્ર દ્વારા વિશેષ તકેદારી રાખવામાં આવી છે. સેક્ટરોમાં ફોર્સથી પાણી મળી રહે તે માટે સપ્લાય વધારી દેવાયો છે.

શહેરમાં નવી પાણી વિતરણ વ્યવસ્થા અમલી બનાવાયા બાદ પણ સેક્ટરોમાં છાશવારે પાણીની પોકાર ઉઠવા પામે છે. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં ક્યારેક ફોર્સથી પાણી ન મળતું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામે છે. જ્યારે આડા દિવસે પણ પાણી પુરવઠો ફોર્સથી ન આવતો હોવાનો સૂર ઉઠવા પામે છે.

ગત ચોમાસા દરમિયાન પણ ડહોળુ પાણી આવતુ હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી હતી. નર્મદાની મુખ્ય કેનાલમાં પાણીનો ફોર્સ વધતા સેક્ટરોમાં સપ્લાય થતુ પાણી ડહોળુ હોવાની બૂમ ઉઠી હતી. જ્યારે દિવાળીના તહેવારના દિવસોમાં શહેરીજનોને પાણીની સમસ્યા ન સતાવે તે માટે તંત્રએ યોગ્ય અભ્યાસ હાથ ધરી સેક્ટરોમાં પુરતો પાણી પુરવઠો સપ્લાય થાય તેવું આયોજન કરી દીધુ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર દિવાળીના દિવસોમાં પાણીની તંગી ન સર્જાય તે માટે સેક્ટરોમાં પાણીનો સપ્લાય થોડો વધારી દેવાયો છે. જો કે હાલના સમયે પાણીનો પ્રશ્ન નથી પરંતુ આ મામલે વિશેષ કાળજી રાખવામાં આવી છે.

# ગાંધીનગરમાં રૂ. ૧૦ કરોડના મૂલ્યની નવી નોટ્સ બેંકો દ્વારા ગ્રાહકોને અપાઈ

## દિપાવલી પર્વે નવી નોટ્સ શુભેચ્છારૂપે વહેંચવાની પરંપરા

ગાંધીનગર, તા. ૨

દિપાવલી પર્વે ગાંધીનગરના બજારમાં પરચુરણની તંગીને હળવી બનાવવા માટે રૂ. ૧૦ કરોડથી પણ વધુ મૂલ્યની નવી નોટો બેંકો દ્વારા ગ્રાહકોને પુરી પાડવામાં આવી છે.

દેના બેંક જે ગાંધીનગરની લીડ બેંક છે તેણે તો નવી નોટો નગરના નાગરિકોને ઉપલબ્ધ બની રહે તે માટે તા. ૧ અને ૨ દરમ્યાન શહેરના વિવિધ વિસ્તારોમાં ખાસ વાન ફેરવી હતી.

બેંકના રિજીયોનલ મેનેજર શ્રી આર.એમ. શાહે જણાવ્યુ હતુ કે સે. ૨૪, સે. ૨૧, સચિવાલય સે. ૭ના શોપીંગમાં બેંકની વાન ફરી હતી અને બે દિવસ દરમ્યાન રૂ. ૧૦, ૨૦, ૫૦, ૧૦૦ની નવી નોટ્સ ગ્રાહકોને આપી છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પરચુરણની તંગીની ફરિયાદો ઉઠી હતી.

દિપાવલી પર્વમાં શુભેચ્છારૂપે નવી નોટ આપવાની પરંપરા છે અને ગાંધીનગર શહેરમાં આ નવી નોટ્સ ઝડપથી ઉપલબ્ધ બને તે માટે દરેક બેંકોએ તેમના ગ્રાહકોની જરૂરિયાતને લક્ષમાં રાખી ઉપલબ્ધ બનાવી છે.

એક અંદાજ પ્રમાણે ગાંધીનગર શહેરમાં બેંકો દ્વારા છેલ્લા બે દિવસમાં જ રૂ. ૧૦ કરોડની નવી ચલણી નોટ્સ તેમના ગ્રાહકોને આપવામાં આવી છે.

### કુદરતની અજીબો ગરીબ કહાની

ખેડબ્રહ્મા તાલુકાના દલસર

ગામે ગુજરાભાઈ ગમાર ઉં.વ. ૪ને કુદરતે અજીબો ગરીબ તકલીફ આપી છે. આંગણવાડીમાં દાખલ કરતા શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત આ બાળકની પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દેલવાડાના ડૉ. હરેન યાદવ અને સ્ટાફ મિત્રોએ તપાસ કરતાં બાળકને રોગની તપાસ કરી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવાની કામગીરી ડૉ. એચ.એસ. ગઢવી (ટી.એસ.ઓ.) એ ઝડપી અને સુંદર કામગીરી કરી હતી.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# હિંમતનગર, ચારણવાડા અને ગુજરવામાં દાઝી જતાં ચારને સારવાર માટે ખસેડાયા

હિંમતનગર, તા. ૨

હિંમતનગરમાં શુક્રવારે પ્રાયમસની ઝાળ લાગવાને કારણે દાઝી ગયેલી મહિલાને બચાવવા ગયેલા પતિ, પત્નિને ઈજા થતાં તેમને સારવાર માટે હિંમતનગર સિવિલમાં લવાયા હતા. તેજ પ્રમાણે ઈડર તાલુકાના ગુજરવા ગામે પણ એક મહિલાએ અગમ્ય કારણોસર શરીર પર કેરોસીન છાંટી આત્મહત્યાનો પ્રયાસ કરતા તેણીને પણ હિંમતનગર સિવિલમાં ખસેડાઈ હતી. તેજ પ્રમાણે મોડાસા તાલુકાના ચારણવાડા ગામની એક યુવતીએ કેરોસીન છાંટી આત્મહત્યાનો પ્રયાસ કરતા તેણીને પણ હિંમતનગર સિવિલમાં ખસેડાઈ હતી. જે અંગે સિવિલના ડોક્ટરે શનિવારે ટાઉન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

પ્રથમ બનાવની વિગત એવી છે કે બસ સ્ટેન્ડ પાસે આવેલ વાઘેલાવાસમાં રહેતા પીન્ટુ ભીખાભાઈ કેવળના પત્નિ પન્નાબેન કેવલ શુક્રવારે સાંજે રસોઈ બનાવતા હતા ત્યારે અચાનક પ્રાયમસની ઝાળ લાગતા દાઝી ગયા હતા. જેથી તરત જ પીન્ટુભાઈ તેમને બચાવવા માટે દોડી ગયા હતા. જેથી તેઓ પણ દાઝી જતાં પતિ-પત્નિ બંનેને સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયા હતા. તેજ પ્રમાણે ગુજરવા ગામે રહેતા નૈનાબેન નરેશભાઈ ડાભીએ પણ શુક્રવારે રાત્રે અગમ્ય કારણોસર સરીર પર કેરોસીન છાંટી દીવાસળી ચાંપી દીધી હતી. જેથી તેણીને પણ સારવાર માટે હિંમતનગર સિવિલમાં લવાયા હતા. ઉપરાંત મોડાસા તાલુકાના ચારણવાડા ગામે રહેતા કંચનબેન મુકેશભાઈ પરમારે અગમ્ય કારણોસર શુક્રવારે શરીર પર કેરોસીન છાંટી સળગી મરવાનો પ્રયાસ કરતા તેણી દાઝી ગયા હતા. જેથી તેમને સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયા હતા. ચારેય બનાવ અંગે સિવિલના ડૉ. દર્શનાબેન તબીયાડે શનિવારે હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ડીસામાં દુકાનમાં તોડફોડ બદલ માર્કેટના ચેરમેન અને સેક્રેટરી સામે પોલીસમાં ફરિયાદ

ડીસા, તા. ૨

ડીસા શહેરમાં શાકભાજીનો ધંધો કરતા એક શખ્સની દુકાનમાં તોડફોડ અને લૂંટ કરાઈ હોવાના આક્ષેપ સાથે દુકાનદારે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન અને સેક્રેટરી સામે પોલીસમાં અરજી આપતા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ડીસા શહેરના ૧૫ માર્કેટયાર્ડમાં શાકભાજીનો ૧૫ વર્ષથી ધંધો કરતા જયેશકુમાર લાલજીભાઈ જોષીને ધંધા માટે ૧૦-૧૦ જગ્યા ભાડાથી ફાળવાઈ છે.

આમ છતાં તેમને માર્કેટયાર્ડ તરફથી દુકાન ખાલી કરવા માટે ધાકધમકીઓ આપવામાં આવતી હતી અને ગત તા. ૨૬-૧૦-૧૩ના રોજ માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ રબારી અને સેક્રેટરી વિનોદે ધમકી આપ્યા બાદ તા. ૧-૧૧-૨૦૧૩ની રાત્રીના ૧૦.૩૦ના સુમારે શાકભાજીનો માલ તેમજ રૂ. ૨૦૦૦ લઈને જતા રહ્યા છે. આ બાબતે જયેશ જોષીએ ડીસા પોલીસ મથકમાં અરજી આપી હતી જે મામલે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### નવા ભવનાથની મહિલા દાઝી જતાં સારવાર માટે ખસેડાઈ

ભિલોડા પાસે આવેલ નવા ભવનાથ ખાતે રહેતી એક મહિલાને ગુરૂવારે પતિ સાથે ઝઘડો થતાં તેણીએ આવેશમાં આવી જઈને કેરોસીન છાંટી આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે સમયસર સારવાર મળતા મહિલા બચી ગયા છે. નવાભવનાથમાં રહેતા મંજુલાબેન ગંગારામ નિનામાને ગુરૂવારે તેમના પતિ સાથે ઝઘડો થયો હતો. ત્યારબાદ એકાએક આવેશમાં આવી જઈ મંજુલાબેને શરીર પર કેરોસીન છાંટી દઈ દીવાસળી ચાંપી દીધી હતી. જેથી તેણીને તરત જ ભિલોડાની કોટેજ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

### પ્રાંતિજમાં દિવાળીની ખરીદી માટે છેલ્લી ઘડીએ બજારમાં ભારે ભીડ

પ્રાંતિજ, તા.૨

દિવાળીનું આગમન થઈ રહ્યું છે ત્યારે દિવાળીના આડે એક દિવસ બાકી રહેતા બજારમાં ખરીદી માટે તાલુકા ભરમાંથી ગ્રાહકો પ્રાંતિજ બજારમાં પહોંચી રહ્યા છે. પરિણામે બજારમાં છેલ્લા દિવસની ભીડ જોવા મળી રહી છે.

કપડા, ખાણી-પીણી, બુટ-ચંપલ, દાગીના, સૌંદર્ય સુશોભન, રંગોળી, ફટાકડા અને કરિયાણા સહિતની ચીજ વસ્તુઓ માટે પણ દુકાનો અને બજારોમાં લોકો ઉમટી રહ્યા છે. ખરીદી અર્થે આવતા ગ્રાહકોથી હાલ પ્રાંતિજ બજાર કિડીયારાની જેમ ઉભરાઈ રહ્યું છે. છેલ્લી ઘડીએ અચાનક જ બજારમાં ચહલપહલ વધતા વેપારીઓ પણ મલકાયા હતા. બજારોમાં ભારે ભીડ જામતા ટ્રાફિક પોલીસે પણ જરુરી વ્યવસ્થા ગોઠવી મોટા વાહનોને અંદર પ્રવેશ ન આપી ટ્રાફિકની સમસ્યા હળવી કરાવી હતી.

# ડીસા શહેરમાં મુખ્યમંત્રીના આગમનને લઈ અધિકારીઓ દોડતા થયા

## જિલ્લા પોલીસ વડા, કલેકટર, નગરપાલિકા તંત્ર, મામલતદાર અને પી.આઈ. સુધીના અધિકારીઓ સાફ સફાઈનું નિરીક્ષણ કરી રહ્યા છે

ડીસા, તા.૨

ડીસા શહેરમાં નરેન્દ્ર મોદીના આગમન પહેલા હવાઈ-પિલ્લર વિસ્તારમાં તંત્ર દ્વારા કેટલાક દિવસથી સાફ સફાઈ હાથ ધરાઈ રહી છે.

આજે જિલ્લા કલેકટર હિંગરાજીયા જિલ્લા પોલીસ વડા અશોક યાદવ, ડીસા એસ.ડી.એમ. મામલતદાર ટી.ડી.ઓ, ડી.વાય.એસ.પી. શહેર પી.ઈ. સહિત નગરપાલિકા તંત્રની હાજરીમાં સાફ સફાઈ થઈ રહી છે. આવનાર આમંત્રિતોને કોઈતકલીફ ન પડે તે માટે તમામ પ્રકારની તકેદારી રાખવામાં આવી રહી છે. અધિકારીઓ દ્વારા સફાઈ કામ પર નિરીક્ષણ રાખવામાં આવી રહ્યું છે. જો કે મુખ્યમંત્રી માટે આટલી તૈયારી અને સાફ-સફાઈ ચાલી રહી છે ત્યારે અત્યારે દિવાળીના તહેવારો ટાણે શહેરમાં ગંદકીના ઢગલા ખડકાય છે છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી હાથ નહીં ધરાતા શહેરવાસીઓમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે. તંત્રએ દિવાળી નિમિત્તે શહેરની સફાઈ પ્રત્યે પણ કાળજી રાખવી જોઈએ તેવું પ્રજા ઈચ્છી રહી છે.

(તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

# કાળીચૌદશ-શનિવારનો સંયોગ

## ડભોડિયા હનુમાનજી મંદિરે કાળી ચૌદશના મેળામાં લાખો દર્શનાર્થીઓ ઉમટ્યા : ૧૦૮ દિવાની મહાઆરતી સાથે ૩૫૦૦ કિલો બુંદીનો પ્રસાદ, ૫૦,૦૦૦ દોરાનું વિતરણ, ૫૦૦ તેલના ડબ્બાનો અભિષેક સાથે લોકમેળો સંપન્ન

ચિલોડા, તા. ૨

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં એકમાત્ર પવિત્ર યાત્રાધામ શ્રી ડભોડિયા હનુમાન મંદિર ખાતે દર વર્ષની પરંપરા પુજ્ય ધનતેરસ તથા કાળીચૌદસના દિપાવલી પર્વ નિમિત્તે યોજાયેલ ધાર્મિક મહોત્સવ પ્રસંગે લાકોની સંખ્યામાં શ્રદ્ધાળુ માનવ મહેરામણ ઉમટી પડતાં અનેરો માહોલ સર્જાયો હતો. આ પ્રસંગે મંદિરના પરિસરમાં વિશેષ વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી.

આ પ્રસંગે ધનતેરસથી રાત્રે ૧૨ કલાકે ૧૦૮ દિવાની મહાઆરતીનો ઉત્તમ લાભ ભક્તજનોએ લીધો હતો. આ દિપાવલી પર્વમાં મંદિર દ્વારા ૫૦,૦૦૦ દોરાનું વિતરણ કરી તથા ૩૫૦૦ કિલો બુંદીનો પ્રસાદનો લ્હાવો ભક્તોજનો લઈ ધન્યતા અનુભવી હતી.

જ્યારે હનુમાનજી દાદાના ચરણે ૫૦૦ તેલના ડબ્બાનો અભિષેક ધરાયો હતો. આજનો દિન ડભોડામાં ભક્તિમય માહોલ સર્જાતા ૩.૫૦ લાખ ભક્તજનો દર્શનાર્થે ઉમટી પડતાં ભાઈ અને બહેનો માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી હતી. ભારે માનવમેદનીના આગમનથી ત્રણ લાઈવ સ્ક્રીન ઉભા કરવામાં આવ્યા હતા. સમગ્ર પરિસરને સી.સી. ટી.વી. કેમેરાથી તથા મેટલ ડિરેક્ટરની સુવિધા કરી બાજનજર રાખવામાં આવી હતી. મંદિર ખાતે સી.વી.આઈ. મોણપરાથી હાજરીમાં ચુસ્ત પોલીસ બંદોબસ્તની ગોઠવણી કરી હતી. આ પ્રસંગે સમગ્ર ગામમાં માનવમહેરામણ ઉમટી પડતાં ટ્રસ્ટીમંડળ, ગ્રામજનો, સ્વયંસેવકોના સાથ સહકારથી કાર્યક્રમ સફળ નીવડતાં સર્વેને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન